**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# બ્રૅમ્પટનનું સૂચિત 2022 અંદાજપત્ર (બજેટ) ટકાઉપણા, વિકાસની તકો અને સ્થિતિસ્થાપક ભવિષ્ય પર કેન્દ્રિત છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (09 નવેમ્બર 2021) – સીટી ઓફ઼ બ્રૅમ્પટનનું સૂચિત અંદાજપત્ર 2022 હવે ઓનલાઈન ઉપલબ્ધ છે. સૂચિત 2022 અંદાજપત્ર ટર્મ ઓફ઼ કાઉન્સિલની અગ્રિમતાઓનું સમર્થન કરે છે અને ટકાઉપણા, વિકાસની તકો અને સ્થિતિસ્થાપક ભવિષ્ય પર કેન્દ્રિત છે જ્યારે સિટી COVID-19ની મહામારીમાંથી માર્ગ કાઢીને આગળ વધી રહ્યું છે. અંદાજપત્રની ચર્ચાઓનો પ્રારંભ 29 નવેમ્બર 2021ના રોજ શરૂ થશે અને બજેટની અંતિમ બહાલી ડિસેમ્બર 8મીના રોજ છે.

બજેટ સમિતિની બેઠકો, બજેટ હાઈલાઈટ્સ અને સંપૂર્ણ બજેટ દરખાસ્ત માટેની મુખ્ય તારીખોની સંપૂર્ણ સૂચિ સિટી વેબસાઈટ પર ઉપલબ્ધ છે. સિટી 2022 ના સૂચિત બજેટ અંગેની જાહેર સમીક્ષા અને પ્રતિસાદ આવકારે છે.

સિટીના હાલના પ્રોગ્રામ્સ અને સેવાઓ પહોંચાડવા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ટકાઉ સ્તરે રાખવા અને ભાવિ વિકાસની તૈયારી કરવા માટે, સિટીની બજેટ સમિતિને 2.7 ટકા મિલકત વેરામા વધારો કરવાની દરખાસ્ત છે. જો મંજૂર થાય તો 2022 મિલકત વેરાના બિલમાં સિટીની સેવાઓ માટે 1.3 ટકા મિલકત વેરાનો વધારો, રિજન ઓફ઼ પીલ સેવાઓ માટે 1.5 ટકા અને સ્કૂલના બોર્ડ માટે 0 ટકા દર્શાવશે. કુલ મિલકત વેરાનો વધારો ઘર દીઠ સરેરાશ $142 થશે. *(રકમો અને ટકાવારીઓ ના સરવાળા કુલ રકમ બરાબર ન પણ થાય કારણકે રકમના આંકડા રાઉન્ડ ઓફ઼ થશે)*

બજેટના ચર્ચાઓ દરમિયાન સંભવિત હોસ્પિટલ લેવિ સહિત પ્રસ્તાવિત ટેક્સ લેવિનો વધારો કે ઘટાડો કરવાની વિવિધ તકો રજૂ કરવામાં આવશે.

## 2022 બજેટ દરખાસ્તનાં મુખ્ય મુદ્દાઓ

- યુથ હબ અને સ્પોર્ટ્સ હૉલ ઓફ઼ ફેમ સહિત રિક્રિએશનલ ફેસેલિટીઓના નવા બાંધકામ માટે $53.2 મિલિયન.
- નવા અથવા સુધારાવધારા કરાયેલ નેબરહૂડ પાર્ક્સ, અપગ્રેડ કરેલા પાથવેઝ, ખેલકૂદના મેદાનો, રમતગમતના મેદાનો અને ટ્રેઈલ્સ માટે $4.6 મિલિયન.
- ડાઉનટાઉન બ્રૅમ્પટનમાં શિક્ષણ, રોજગાર અને વ્યાપારના વિકાસમાં શક્તિના સંચાર માટે ત્રણ વર્ષ સુધીમાં $9.1 મિલિયન; ડાઉનટાઉન બ્રૅમ્પટનમાં પુનરુત્થાન યોજનાઓ માટે $13.4 મિલિયન; અને સેંટર ફોર ઈનોવેશનના બાંધકામની તૈયારી માટે $20 મિલિયન.

The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

- નવી બસો માટે $19 મિલિયન; જેમાં મોટા ભાગની ઈલેક્ટ્રિક હશે; ચિંગકુઝી રોડ કોરિડોઅમાં ઝૂમ સેવાના વિસ્તરણ માટે $17 મિલિય્ન (2022 માં $3.3 મિલિય્ન).
- રોડનું રિસર્ફેસિંગ, પુનઃબાંધકામ અને અન્ય સુધારાઓ માટે $22.6 મિલિયન.
- ત્રણ વર્ષના ગાળામાં પુર નિયંત્રણ અને આર્થિક સંભાવનાઓ ખુલ્લી કરવા $100 મિલિયન રિવરવૉક પ્રોજેક્ટ માટે (2022માં $9.3 મિલિયન)
- અશ્વેત અને આદિજાતિના યુવાનો માટે ઈન્ટર્નશીપ પ્રોગ્રામ્સ; બ્રૅમ્પટન પુસ્તકાલય માટે વિવિધતા, સમાનતા અને સમાવેશન યોજના
- વધુ સુરક્ષિત માર્ગો માટે આઠ નવા ઓટોમેટેડ સ્પીડ એન્ફોર્સમેન્ટ કેમેરા

**પોતાનો મત દર્શાવો**

સૂચિત બજેટની સમીક્ષા કરવા અને આપના પ્રતિભાવ આપવા નિવાસીઓ, વ્યાપારો અને હિસ્સાધારકોને નીચેની કોઇ પણ રીતે આપવા સિટી આહ્વાન કરે છે:

- ઈમેલ મોકલો: **પ્રશ્ન પૂછો અથવા અહીં ટિપ્પણી કરો** budget@brampton.ca.
- ફોન ઉઠાવો: તમારો અભિપ્રાય આપવા 311 પર કૉલ કરો.
- પ્રવૃત્ત થવાની તકમાં જોડાઓ: વ્યાપારો નવેમ્બર 16મીથી વર્ચુઅલ પ્રવૃત્તતામાં સવારે 9:30 થી 10:30 સુધી હાજર રહી શકશે. 16 નવેમ્બર રોજ સાંજે 6:45 થી 8.15 વાગ્યા સુધી ટેલિ ટાઉન હૉલમાં રહેવાસીઓ ભાગ લઈ શકશે, જ્યાં સંભાવનાને આધારે થયેલ પસંદગીના ફોન નંબરો પર કૉલ કરવામાં આવશે. **આ ચર્ચાઓમાં રજિસ્ટર થવા અહીં મુલાકાત** લો www.brampton.ca/budget.
- ડેલિગેટ: **બજેટ કમિટીમાં અથવા બજેટ અપ્રૂવલ કાઉન્સિલમાં બોલવા માટે** નિયુક્તિ (ડેલિગેશન) વિનંતી **રજૂ કરો.**
- ભાગ લો: બજેટ સમિતિની બેઠકના અંતે જનતાના પ્રશ્નો માટેના સમયગાળામાં તે દિવસની કાર્યસૂચિ અંગેના પ્રશ્નો પૂછો.

**સુવાક્યો**

“બ્રૅમ્પટનનું પ્રસ્તાવિત 2022 બજેટ ટર્મ ઓફ કાઉન્સિલની પ્રાથમિકતાઓ સાથે સંરેખિત નાણાકીય ટકાઉ સક્ષમતા અને સ્થિતિસ્થાપકતા પર કેન્દ્રિત છે. સાહસિક વિઝન ધરાવતા એક પ્રગતિશીલ શહેર તરીકે, અમે મહામારીમાંથી બહાર આવવા, શહેરની સુવિધાઓ, સાર્વજનિક જગ્યાઓ, કાર્યક્રમો અને સેવાઓ જે અમારા રહેવાસીઓના જીવનની ગુણવત્તામાં અને અમારા સમુદાયમાં એવા ક્ષેત્રોને વધારવાની તકો ઊભી કરવાનો અમારો ઈરાદો છે જે તંદુરસ્ત જીવનશૈલી ઊભી કરવામાં યોગદાન આપે. સિટી ખુલ્લી અને પારદર્શક બજેટ પ્રક્રિયા માટે પ્રતિબદ્ધ છે, અને રહેવાસીઓને સામેલ થવા અને તેમના પ્રતિભાવો આપવા પ્રોત્સાહિત કરે છે."

*- ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સિટી ઓફ બ્રૅમ્પટન*

"એક સુશાસિત શહેર તરીકે બ્રૅમ્પટન નાણાકીય રીતે મજબૂત છે અને તે આર્થિક સ્થિતિસ્થાપકતા અને મહામારીમાંથી ટકાઉ રોકાણો ઉદ્ભવે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેથી આપણા વિકસતા સમાજના ભવિષ્યને આકાર આપી શકાય. ચાલુ રહેલ મહામારીમાં બ્રૅમ્પટનનું બજેટ અયોજન કરવામાં શહેર નાણાકીય રીતે સમજદાર રહ્યું છે અને એવી તમામ તકોનો લાભ લેવા તૈયાર છે જેનાથી ભાવિ નાણાકીય ટકાઉ

સક્ષમતા જાળવી શકાય. પ્રસ્તાવિત અંદાજપત્ર વધુ પ્રતિભાવો, ચર્ચાઓ અને પ્રાથમિકતાઓ નક્કી કરવા માટેનો પ્રારંભિક અવસર છે. ઉપલબ્ધ હોય એવી અનેક પ્રવૃત્ત થવાની તકોના માધ્યમથી રહેવાસીઓને પોતાના અભિપ્રાય દર્શાવવાનું આમંત્રણ છે."

*- નૅશ ડેમર (Nash Damer), ખજાનચી, સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
પ્રભજોત કૈન્થ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ (Media and Community Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca